ઇક્વેડોરના એક ચર્ચમાં કરૂણ ઘટના

પાદરી ક્રોસ નીચે દબાઈને પોતે જ મૃત્યુ પામ્યા

મૃત્યુ વિશે પ્રવચન કરી રહ્યા હતા ત્યારે ચર્ચનો ક્રોસ તેમના પર તૂટી પડ્યો, પ્રવચનનું સોશ્યલ મીડિયા પર જીવંત પ્રસારણ ચાલુ હતું

ગુઆયાકિલ(ઇક્વેડોર), તા. ૧૯: એક કેથોલિક પાદરીના લાઈવસ્ટ્રીમમાં એક ભયાનક ક્ષણ કેદ થઈ ગઈ જ્યારે પ્રાર્થના વિધિનું નેતૃત્વ કરતી વખતે એક વિશાળ ક્રોસ તેમના પર તૂટી પડતા તેઓ અવસાન પામ્યા હતા.

આ અકસ્માત શનિવારે ઇક્વાડોરના સૌથી મોટા શહેર ગુઆયાકિલના 'નુએસ્ટ્રા સેનોરા ડેલ પૈરપેટુ સોકોરો' ચર્ચમાં થયો હતો. ફાધર પૅટ્રિસીઓ અફ્રેડો સાંચેઝ મોલિનારી તેમના અંગત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પરથી માસનું લાઈવસ્ટ્રીમિંગ કરી રહ્યા હતા. સ્ટ્રીમ શરૂ થયાના લગભગ 27 મિનિટ પછી ક્રોસ નીચે પડ્યો, અને ત્યારબાદ સ્ટ્રીમ અચાનક બંધ થઈ ગઈ હતી. એમ જાણવા મળે છે કે આ ઘટના બની તે સમયે આ પાદરી મૃત્યુ વિશે જ પ્રવચન કરી રહ્યા હતા અને તે જ સમયે તેમના પર ચર્ચનો વિશાળ ક્રોસ તૂટી પડતા તેઓ પોતે મૃત્યુ પામ્યા હતા. પ્રવચન ચાલુ હતું ત્યારે અચાનક આ ક્રુસિફિક્સ છૂટું પડી ગયું, આગળની તરફ ઝૂક્યું અને સીધું નીચે પડીને પાદરીના માથા પર જ પડ્યું. સાંચેઝ મોલિનારી વેદીની નીચે પટકાયા અને કેમેરાની ફ્રેમમાંથી બહાર થઈ ગયા. લાઈવસ્ટ્રીમમાં ત્યારબાદ ફક્ત લોકોની ચીસો અને બૂમોના અવાજ સંભળાયા હતા.

કાજોલ, ન્યાસા, જયા બચ્ચને દુર્ગા પૂજા કરી

મુંબઈ, તા. ૧૯ : આ વર્ષનો એ સમય છે જ્યારે બોલિવૂડ સેલિબ્રિટીઓ અને તેમના પરિવારના સભ્યો મુંબઈમાં દુર્ગા પૂજાની ઉજવણી કરવા માટે એકસાથે આવે છે. શહેરના પ્રખ્યાત નોર્થ બોમ્બે સાર્વજનિક દુર્ગા પૂજા પંડાલે પ્રાર્થના કરવા અને ઉત્સવમાં ભાગ લેવા માટે આવેલા પરિચિત ચહેરાઓમાં કાજોલ, તનુજા, તનિષા મુખર્જી, અયાન મુખર્જી અને રણબીર કપૂર સામેલ હતા. આ વર્ષે, ઉજવણીના વીડિયોમાં કાજોલ, તેની પુત્રી ન્યાસા દેવગણ, પુત્ર યુગ દેવગણ અને બહેન તનિષા મુખર્જી પંડાલમાં મહેમાનોનું સ્વાગત કરતાં નજરે પડે છે. જયા બચ્ચન પણ છેલ્લા બે દિવસથી ઉજવણીમાં હાજરી આપી રહ્યાં છે. જ્યારે બિપાશા બાસુ અને કરણ સિંહ ગ્રોવર તેમની પુત્રી દેવી સાથે દુર્ગા પૂજા પંડાલે આવ્યાં હતાં.

નીતુ કપૂરે કન્યા પૂજન દરમિયાન રાહાના પગ ધોયા

મુંબઈ, તા. 19 દિગ્ગજ અભિનેત્રી નીતુ કપૂરે અભિનેતા દંપતી રણબીર કપૂર અને આલિયા ભટ્ટની પુત્રી રાહા કપૂર સાથે ઘરે પરંપરાગત કન્યા પૂજન સમારોહમાં અષ્ટમી ઉજવી હતી. નીતુએ તેની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર આ વિધિની ઝલક શેર કરી છે. એક તસવીરમાં રાહા નાની સ્ટૂલ પર બેઠેલી જોવા મળે છે જ્યારે તેની દાદી તેના પગ ધોઈ રહી છે અને પૂજા કરી રહી છે. રાહાએ વાદળી જિન્સ સાથે ચમકદાર નારંગી ટોપ પહેરેલું છે, જ્યારે નીતુએ ગુલાબી અને સફેદ રંગનો ફ્લોરલ-પ્રિન્ટેડ કુર્તા સેટ પહેર્યો હતો. નીતુએ એક ક્લિપ પણ શેર કરી છે જેમાં તે એક છોકરા માટે પણ આ જ પૂજા કરતી જોવા મળે છે.

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના **મોજે ગામ સેલુતના સર્વે નં. ૩૮/૪, જેનો બ્લોક નં. ૬૧૯**, જેનું ક્ષેત્રફળ હે.૦-૧૭-૨૦ આરે ચો.મી. વાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ, ઉમેદભાઈ ડાહ્યાભાઈ** વિગેરેનાં સંયુકત નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારનાં લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઈવ યાને જતા કરેલ છે. તેમ માની લઈ અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી.

ઓફિસ : એ/૧, જય જલારામ કોમ્પલેક્ષ,
પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં,
મેઈન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ,
જી.સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭/૮૭૫૮૧ ૩૪૮૧૫ (તા. ૨૦/૧૦/૨૦૨૬)

ધ્રુવ આર. પટેલ
ઋષિલ આર. પટેલ
એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ : ભરૂચ, તા.વાગરાના ગામ મોજે કડોદરા માં આવેલા (૧) જુનો બ્લોક/સર્વે નં. ૮૯૯-૨, જેનો નવો બ્લોક/સર્વે નં.૭૨૫ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૩-૫૦-૮૬ ચો.મી. છે, જેનો આકાર રૂા.૧૮.૦૦ પૈસા છે. તથા (૨) જુનો બ્લોક/સર્વે નં.૮૮૯, જેનો નવો બ્લોક/સર્વે નં.૭૩૯ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૫-૦૯-૧૨ ચો.મી. છે, જેનો આકાર રૂા.૧૭.૫૦ પૈસા છે તે જુની શરતની ખેતીની જમીન પૈકી વણ-વહેંચાયેલ હિસ્સાની હે.આરે. ૩-૦૦-૦૦ ચો.મી. ક્ષેત્રફળ દક્ષિણ દિશા તરફ વાળી જમીન (૧) ભુખણભાઈ ઈશ્વરભાઈ (૨) કમળાબેન મગનભાઈ (૩) મંજુલાબેન મગનભાઈ નાઓનાં નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહુ જમીનના એકલા, સ્વતંત્ર અને સંપુર્ણ માલીકો, પ્રત્યક્ષ કબજેદારો હોવાનું તથા સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે તેના વંશ-વાલી-વારસો, ઈસમ, બેંક, કે કોઈપણ સરકારી/અર્ધ-સરકારી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત-હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે બાબતના પુરાવા સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ સદરહું જમીનોમાં કોઈપણ વ્યકિત, વંશ-વાલી-વારસો, ઈસમ, બેંક, કે કોઈપણ સરકારી/અર્ધ-સરકારી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત-હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી જતા કર્યા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીનના માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૦/૧૦/૨૦૨૬
ઓફિસ : ૮/૯ પહેલો માળ,
મહાવિર શોપીંગ સેન્ટર, કતારગામ
અમરોલી મેઈન રોડ, સુરત પીન કોડ નં. ૩૯૫૦૦૪

અમારા અસીલની સૂચનાથી
પ્રતીકકુમાર વી. બગડિયા
(એડવોકેટ)

યમનમાં હૂતીઓનો લશ્કરી છાવણી પર હુમલોઃ ૩૫ તાલીમી સૈનિકોનાં મોત

શબવા પ્રાંતમાં આવેલ અલ-આલમ લશ્કરી છાવણી પર હૂતી બળવાખોરોએ ત્રણ બેલેસ્ટિક મિસાઇલો છોડ્યા, ૨૦૦ તાલીમી સૈનિકો ઘાયલ

કેરો, તા. 19(AP): સોમવારે દક્ષિણ યમનમાં સરકારી દળોના એક લશ્કરી છાવણી પર ઈરાન-સમર્થિત હૂતી વિદ્રોહીઓએ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા 53 સૈનિકો માર્યા ગયા હતા, તેમ શબવાનાં પ્રાંતીય સત્તાવાળાઓએ સોમવારે જણાવ્યું હતું. તાજેતરના લડાઈના મોજામાં આ સૌથીઘાતક હુમલાઓમાંનો એક છે.

શબવાની પ્રાંતીય સરકારના જણાવ્યા અનુસાર, વિદ્રોહીઓએ દક્ષિણના શબવા પ્રાંતમાં આવેલી અલ-આલમ લશ્કરી છાવણી પર ત્રણ બેલેસ્ટિક મિસાઈલ છોડ્યા હતા. આ હુમલામાં 200 નવા ભરતી થયેલા સૈનિકો ઘાયલ પણ થયા છે. ઈરાન-સમર્થિત વિદ્રોહીઓએ શબવાની આ છાવણીને નિશાન બનાવી હોવાનું સ્વીકાર્યું છે. શબવા પ્રાંતીય સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મૃત્યુઆંક હજી પ્રાથમિક છે, જે વધી શકે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે આ સૈનિકો આંતરિક સુરક્ષા દળોનો ભાગ બનવા માટે તાલીમ મેળવી રહ્યા હતા.

ન્યૂયોર્કમાં કૂતરાઓની ફેન્સી ડ્રેસ પરેડ

ન્યૂયોર્ક, તા. ૧૯: અમેરિકાના ન્યૂયોર્કના સૌથી ડરામણા અને રમુજી કૂતરાઓએ તેમના શ્રેષ્ઠ ફેન્સી ડ્રેસ પહેરીને મેનહટનના રસ્તાઓ પર પરેડ કરી હતી, જ્યારે કે શહેરે તેની વાર્ષિક હેલોવીન-થીમ આધારિત ડોગ સ્ટ્રીટ પાર્ટીનું આયોજન કર્યું હતું.

૩૬મી વાર્ષિક ટોમ્પકિન્સ સ્ક્વેર હેલોવીન ડોગ પરેડના ભાગરૂપે કૂતરાઓ - અને તેમના માલિકો - ડ્રેસ-અપ કરીને એવેન્યુ B થી ટોમ્પકિન્સ સ્ક્વેર પાર્ક તરફ માર્ચ કરી રહ્યા હતા, જે શનિવાર, ૧૭ ઓક્ટોબરે યોજાઈ હતી. બિન-લાભકારી સંસ્થા 'ન્યૂ યોર્ક ડોગ પરેડ' દ્વારા આયોજિત આ કૂચની સ્થાપના ટોમ્પકિન્સ સ્ક્વેર પાર્ક ડોગ રન - જે ન્યૂ યોર્કનો પ્રથમ અને સૌથી મોટો કૂતરાઓ માટેનો ખાસ પાર્ક છે - માટે ભંડોળ એકઠું કરવા માટે કરવામાં આવી હતી, પરંતુ ત્યારથી તે વિશ્વની સૌથી મોટી ડોગ પરેડમાંની એક બની ગઈ છે. આ કાર્યક્રમ, જેમાં પરેડ અને 'બેસ્ટ ઇન કેનાઈન કોસ્ચ્યુમ' સ્પર્ધાનો સમાવેશ થતો હતો, તેમાં ન્યૂ યોર્કના સૌથી સુંદર કૂતરાઓએ 'સ્પૂકી સીઝન'ને ખૂબ જ ગંભીરતાથી લીધી હતી - જેમાં તેઓ બેટમેનથી લઈને ડાયનાસોર અને હોટડોગ સુધીના તમામ પ્રકારના આઉટફિટ્સમાં સજ્જ જોવા મળ્યા હતા.

લાલકૃષ્ણ અડવાણીને હોસ્પિટલમાંથી રજા અપાઈ

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ) ભાજપના વરિષ્ઠ નેતા એલ કે અડવાણીને સ્વાસ્થ્યમાં સુધારો થયા બાદ સોમવારે દિલ્હીની એક હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

અડવાણીને 16 ઓક્ટોબરે છાતીમાં ઈન્ફેક્શનની સમસ્યા સાથે ઈન્દ્રપ્રસ્થ અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેઓ ન્યુરોલોજીના સિનિયર કન્સલ્ટન્ટ ડૉ. વિનીત સૂરીની દેખરેખ હેઠળ હતા. હોસ્પિટલ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, તેમની તબિયતમાં સુધારો થયો છે.

હોસ્પિટલે અગાઉ જણાવ્યું હતું કે, 98 વર્ષીય નેતા ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ)માં હતા, જ્યાં તેમની તબિયત સ્થિર હતી અને તેઓ નજીકની તબીબી દેખરેખ હેઠળ રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અડવાણીને શુક્રવારે રાત્રે આશરે 7.30 વાગ્યે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

CJPના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની જ્યુડિશ્યલ કસ્ટડી બે દિવસ લંબાવાઇ

નવી દિલ્હી, તા. 19(PTI): 'કોકરોચ જનતા પાર્ટી'(CJP) ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાને સોમવારે મંદિર માર્ગ પોલીસ સ્ટેશન ખાતે નવ-નિયુક્ત સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા બાદ વધુ બે દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના બારડોલી તાલુકાના મોજે ગામ મઢી માં આવેલ બ્લોક નં. ૪૪૦/અ, રે.સ. નં. ૧૩૮ કે જેનો ખાતા નં. ૭૫૮ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧-૫૬-૮૨ ચો.મી. છે અને જેનો આકાર રૂા. ૧૨.૫૩ પૈસા છે તે જમીન, જમીનના માલિકો (૧) મનહરભાઈ નાનુભાઈ પરમાર (૨) રેખાબેન મગનભાઈ પરમાર (૩) દક્ષાબેન મગનભાઈ પરમાર (૪) ચેતનાબેન મગનભાઈ પરમાર તથા (૫) જીગ્નેશભાઈ મગનભાઈ પરમાર પાસેથી અમારા અસીલએ ખરીદ કરવાનું નકકી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર જમીનમાં જે કોઈ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી-પોષાકી હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઈ પ્રકારનો કોઈનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નક્કી થયા મુજબ ઉપરોકત જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

તા. ૨૦/૧૦/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગેલેરીયા,
એકસીસ બેંન્કની બાજુમાં, યોગીચોક,
પુણાગામ, સુરત. મો. ૯૭૨૩૮-૦૨૮૬૪

ગૌતમ બી. કાછડીયા
એડવોકેટ

ડી. સી પટેલ નવનિર્માણ શૈક્ષણિક સંકુલ
સી. બી. પટેલ સ્પોર્ટ્સ કેમ્પસ
કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ સંચાલિત
ઠાકોરભાઈ નાથુભાઈ પટેલ પી. ટી. સી. કોલેજ
(અંગ્રેજી માધ્યમ - મિશ્ર)

ડી એલ એડ (પી. ટી. સી.) મેનેજમેન્ટ કવોટા પ્રવેશ

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે મેનેજમેન્ટ કવોટાની ૧૫% બેઠકો (અંગ્રેજી માધ્યમ) પર પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ નિયત કરેલ અરજી પત્રક તા. ૨૦-૧૦-૨૦૨૬ થી તા. ૨૪-૧૦-૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં જમા કરવાના રહેશે. તા.:૨૦/૧૦/૨૦૨૬

પ્રમુખ
ડી. સી પટેલ નવનિર્માણ શૈક્ષણિક સંકુલ,ગેટ નં-૪, ન્યુ સિટી લાઈટ રોડ,
ભરથાણા(વેસુ), સુરત- ૩૯૫૦૧૭ ન્યુ મો: ૯૯૯૮૨૧૯૭૨૭

» યુકેના સ્કોટલેન્ડની સેંટ એન્ડ્રુઝ યુનિવર્સિટીમાં વાર્ષિક રેઇસિન મન્ડેની ઉજવણીના ફોમ ફાઇટના કાર્યક્રમમાં એકબીજા પર ફીણ ઉછાળી રહેલા વિદ્યાર્થીઓ.

ઓસ્ટ્રેલિયામાં મહિલા સાંસદ પર કાર ચડાવી દેવાઈઃ સ્થિતિ કટોકટ

વિક્ટોરિયા સ્ટેટના એક અપક્ષ સાંસદ હેલન હેન્સને એક કાર ડ્રાઇવરે કચડી નાખ્યા

હુમલાખોર પકડાઇ ગયો, હુમલાના હેતુની ચાલી રહેલી તપાસ

વડાપ્રધાન આલ્બાનીઝે કહ્યું કે આ ઇરાદાપૂર્વકનો હુમલો હતો

કેનબેરા, તા. ૧૯: ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યમાં સ્થિત પોતાની મતવિસ્તારની કચેરી બહાર એક કાર દ્વારા જાણીબુઝીને ટક્કર મારવામાં આવ્યા બાદ એમ ઓસ્ટ્રેલિયન મહિલા સાંસદ હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. અહેવાલો મુજબ, આ હુમલામાં તેમણે એક પગ ગુમાવ્યો છે.

દક્ષિણ-પૂર્વ ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યના મધ્યમાર્ગી અપક્ષ સાંસદ હેલન હેન્સ જ્યારે આજે સ્થાનિક સમય મુજબ બપોરે લગભગ 3:30 વાગ્યે તેમની ગાડીની ડિકીમાંથી સામાન કાઢી રહ્યા હતા, ત્યારે વાંગારટ્ટા ખાતે એક સફેદ રંગની ટોયોટા લેન્ડ ક્રૂઝરે તેમને જોરદાર ટક્કર મારી હતી. 65 વર્ષીય અને ત્રણ બાળકોના માતા શ્રીમતી હેન્સને શરીરના નીચલા ભાગમાં ગંભીર ઈજાઓ પહોંચતા તુરંત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. '9News મૈલબોર્ન'ના અહેવાલ મુજબ, તેમણે આ અકસ્માતમાં પોતાનો એક પગ ગુમાવ્યો છે.

ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનીઝે જણાવ્યું હતું કે આ ઘટનાના સંબંધમાં એક 43 વર્ષીય પુરુષની ધરપકડ કરવામાં આવી છે અને દેશની કાઉન્ટર-ટેરર તેમજ સુરક્ષા એજન્સીઓ આ મામલે તપાસ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે આ કોઈ અકસ્માત ન હતો, ઈરાદાપૂર્વકનો હુમલો હતો.

ટ્રેનમાં મોબાઈલ પર મોટેથી મ્યુઝિક કે વીડિયો વગાડયો તો થશે દંડ

લાઉડસ્પીકરના ઉપયોગ બદલ રૂ. 1000 સુધીનો દંડ અથવા 6 મહિના સુધીની જેલની સજાની જોગવાઈ

રેલવે ઝોન મુસાફરોને જાગૃત કરશે, ઈયરફોન વાપરવાની અપીલ કરશે

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): ટ્રેન અને રેલવે પરિસરમાં મોબાઈલ ફોન પર મોટેથી સંગીત, વીડિયો વગાડવા કે જોરથી વાતો કરવાથી અન્ય મુસાફરોને થતી અગવડતા રોકવા માટે રેલવે તંત્ર કડક પગલાં લેવા જઈ રહ્યું છે. વિવિધ રેલવે ઝોન પબ્લિક એડ્રેસ સિસ્ટમ દ્વારા જાગૃતિ ફેલાવશે અને મુસાફરોને ઈયરફોન વાપરવાની અપીલ કરશે. કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને રૂ. 1000 સુધીનો દંડ અને 6 મહિના સુધીની જેલની સજા થઈ શકે છે. સાઉથર્ન રેલવે દ્વારા જારી કરાયેલા પરિપત્ર બાદ નોર્થર્ન અને વેસ્ટર્ન રેલવે ઝોને પણ મુસાફરોના આ ઉપદ્રવ સામે ઝુંબેશ શરૂ કરી છે. રેલ મદદ પોર્ટલ પર ટ્રેનના એસી અને અન્ય કોચમાં મોટેથી સ્પીકર વગાડવાની અસંખ્ય ફરિયાદો મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવ્યા હોવાથી હવે મુસાફરોની અસુવિધા માટે જવાબદારો સામે કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાશે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,33,630/-
18 KT 1,09,300/- 14 KT 84,960/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ઓલપાડ શાખા : ઓલપાડ સુરત મેઈન રોડ,C/o. પટેલ ટીમ્બર માર્ટ,
ગુજરાત પેટ્રોલીયમની બાજુમાં ઓલપાડ, જી.સુરત-૩૯૪૫૪૦
email :olpad@bankofbaroda.com

કબજા નોટીસ (૧૩(૪) (સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૮.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી મોહિતકુમાર શર્મા (દેવાદાર અને ગીરવેદાર), શ્રી રોહિત વિનોદ (સહદેવાદાર અને ગીરવેદાર), શ્રીમતી ચંદ્રશીલા મોહિતકુમાર શર્મા (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૭,૬૫,૭૪૫.૨૭/- (રૂપિયા સત્તર લાખ પાસઠ હજાર સાતસો પીસ્તાલીસ અને સત્તાવીસ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ સહિત** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૭,૬૫,૭૪૫.૨૭ વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શ્રી સાંઈ વિલા રેસીડેન્સી તરીકે જાણીતી હાઉસીંગ એસ્ટેટ નો પ્લોટ નં. ૧૨૨, બાંધકામ થયેલ જમીનનું માપ આશરે ૭૪.૩૫ ચો.મી, (પ્લોટ એરિયા + માર્જીન) (કેજેપી પછી રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક નં.૧૫૯/૧૨૨) સીઓપી અને રોડ-રસ્તા માપ ૪૮.૧૨ ચો.મી વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન નો બ્લોક નં.૧૫૯ (રેવન્યુ સર્વે નં.૧૭૮ પૈકી, ૧૮૧/૧ અને ૧૮૫/૨) મોજે ગામ.ઈશનપોર, તા. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુંદિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૫૧, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૨૧, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૧૨૩

તા. ૧૭.૧૦.૨૦૨૬ | સ્થળ : ઓલપાડ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઓલપાડ શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સલાબતપુરા શાખા : ગ્રાઉન્ડ ફલોર, ફાઈનાન્શિયલ સુપર માર્કેટ, રૂપમ સીનેમા નજીક, માછીવાડ, રીંગ રોડ સલાબતપુરા, સુરત-૩૯૫૦૦૩, ફોન : ૦૨૬૧-૨૩૨૫૧૧૬, ૨૩૨૬૮૯૨, ૨૩૩૨૫૯૫, Email : salaba@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ-સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી વિપુલ વસંતલાલ કાપડીયા (જામીનદાર)**
બી-૩૦૧, જીવનદીપ કોમ્પલેક્ષ, સરસ્વતી સ્કુલ નજીક, હની પાર્ક રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯.

સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ મેસર્સ જય ખોડિયાર ને નોટીસ,

મહેરબાનશ્રી,

વિષય : **મેસર્સ જય ખોડિયાર** દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે

૧) ઉપર જણાવેલ ૧ અને ૨ તમને ખબર છે તે પ્રમાણે તારીખ **૧૦.૦૧.૨૦૨૫** ન રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ**, પાસેથી **રૂા.૭૩,૬૬,૧૭૨.૬૯ (અંકે રૂા.ત્તોત્તેર લાખ છસઠ હજાર એકસો બોત્તેર અને ઓગણસીત્તેર પૈસા પુરા)** તેના પર વધારાનું વ્યાજ અને ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન-પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ **તા.૦૯.૧૦.૨૦૨૬** ની નોટિસની કોપી દેવાદારને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમા દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને સીસી/ટીએલની બાકી રકમ **રૂા.૭૩,૬૬,૧૭૨.૬૯ (અંકે રૂા.ત્તોત્તેર લાખ છસઠ હજાર એકસો બોત્તેર અને ઓગણસીત્તેર પૈસા પુરા)** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, ગેરંટી પ્રમાણે આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૦૯.૧૦.૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૫.** અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલ્મ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી. ૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૦૯.૧૦.૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સલાબતપુરા શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સલાબતપુરા શાખા : ગ્રાઉન્ડ ફલોર, ફાઈનાન્શિયલ સુપર માર્કેટ, રૂપમ સીનેમા નજીક, માછીવાડ, રીંગ રોડ સલાબતપુરા, સુરત-૩૯૫૦૦૩, ફોન : ૦૨૬૧-૨૩૨૫૧૧૬, ૨૩૨૬૮૯૨, ૨૩૩૨૫૯૫, Email : salaba@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ-સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી હોમેન્દ્ર પી. ઠાકરે (જામીનદાર) :**
એફ-૪૦૫, વિશ્વકર્મા એપાર્ટમેન્ટ, વિશ્વકર્મા મંદિર બાજુમાં, કોસાડ, સુરત-૩૯૪૧૦૭.

સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ ને નોટીસ,

મહેરબાનશ્રી,

વિષય : **મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ** દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે

૧) ઉપર જણાવેલ તમને ખબર છે તે પ્રમાણે તારીખ **૧૦.૦૧.૨૦૨૫** ન રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **મેસર્સ શ્રી સતી ટેક્ષટાઈલ**, પાસેથી **રૂા.૭૩,૩૯,૬૦૬.૪૦ (અંકે રૂા.ત્તોત્તેર લાખ ઓગણચાલીસ હજાર છસો છ અને ચાલીસ પૈસા પુરા)** તેના પર વધારાનું વ્યાજ અને ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન-પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ **તા.૦૯.૧૦.૨૦૨૬** ની નોટિસની કોપી દેવાદારને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમા દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને સીસી/ટીએલની બાકી રકમ **રૂા.૭૩,૩૯,૬૦૬.૪૦ (અંકે રૂા.ત્તોત્તેર લાખ ઓગણચાલીસ હજાર છસો છ અને ચાલીસ પૈસા પુરા) તા.૦૮.૧૦.૨૦૨૬ ના રોજ (તા.૩૦.૦૯.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, ગેરંટી પ્રમાણે આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૦૯.૧૦.૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૫.** અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલ્મ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી. ૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૦૯.૧૦.૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સલાબતપુરા શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સલાબતપુરા શાખા : ગ્રાઉન્ડ ફલોર, ફાઈનાન્શિયલ સુપર માર્કેટ,રૂપમ સીનેમા નજીક, માછીવાડક રીંગ રોડ,સલાબતપુરા, સુરત-૩૯૫૦૦૩, ગુજરાત,
ફોન : ૦૨૬૧-૨૩૨૫૧૧૬,૨૩૨૬૮૯૨,૨૩૩૨૫૯૫,**Email** : salaba@bankofbaroda.com

પરીષ્ઠીટ-ડી સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ-સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી વિપુલ વંસતલાલ કાપડીયા (મેસર્સ કાપડીયા ટેક્ષટાઈલ્સ ના ભાગીદાર - સહ દેવાદાર) :**
બી-૩૦૧, જીવનદીપ કોમ્પલેક્ષ,સરસ્વતી સ્કુલ પાસે હાની પાર્ક રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯
શ્રી હોમેન્દ્ર પી. ઠાકરે (ભાગીદાર મેસર્સ કાપડીયા ટેક્ષટાઈલ્સ - સહ દેવાદાર) :
એફ-૪૦૫, વિશ્વકર્મા એપાર્ટમેન્ટ, વિશ્વકર્મા મંદિર ની બાજુમાં કોસાડ, સુરત-૩૯૪૧૦૭

સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ મેસર્સ કાપડીયા ટેક્ષટાઈલ્સ

મહેરબાનશ્રી,

વિષય : **મેસર્સ કાપડીયા ટેક્ષટાઈલ્સ દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે**

૧. તમને ખબર છે તે પ્રમાણે તારીખ **૦૭.૦૨.૨૦૨૪** ન રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **મેસર્સ કાપડીયા ટેક્ષટાઈલ્સ** પાસેથી **રૂા.૭૩,૬૦,૦૯૬.૨૭ (રૂા. તોત્તેર લાખ સાંઈઠ હજાર છન્નુ અને સત્તાવીસ પૈસા પુરા)** તેના પર વધારાનું વ્યાજ અને ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન-પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ **તા.૦૯.૧૦.૨૦૨૬** ની નોટિસની કોપી દેવાદારને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમા દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકી રકમ **રૂા.૭૩,૬૦,૦૯૬.૨૭ (રૂા. તોત્તેર લાખ સાંઈઠ હજાર છન્નુ અને સત્તાવીસ પૈસા પુરા) તા.૦૯.૧૦.૨૦૨૬ ના રોજના (તા. ૩૦.૦૯.૨૦૨૬ થી વ્યાજ)** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, ગેરંટી પ્રમાણે આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૦૯.૧૦.૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૫.** અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલ્મ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી. ૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૦૯.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સલાબતપુરા શાખા